ક્રમાંકઃ અનજ/નવા બારકોડ રેશનકાર્ડ/૨૩૬૨/૨૦૧૦/ભાગ-૨

**તદન નવા બારકોડેડ રેશનકાર્ડ (અરજી ફોર્મ નં.૨ આધારિત ) આપવા બાબત.**

નિયામક અન્ન, અને નાગરીક પુરવઠાની કચેરી
બ્લોક નં. ૧૪, ૭ મો માળ, સચિવાલય,
ગાંધીનગર.
**તારીખ ૩૧-૧૨-૨૦૧૦**

**વંચાણે લીધું :** -

૧. અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા.બા.ના ઠરાવ ક્રમાંકઃકટક-૧૦૨૦૦૮ -૧૧૧- ક-૧, તા. ૨૬-૪-૨૦૧૦
૨. અન્ન,નાગરીક પુરવઠા અને ગ્રા.બા.ના ઠરાવ ક્રમાંકઃ કટક-૧૦૨૦૧૦-૧૧૧-ક-૧, તા. ૦૫-૦૮-૨૦૧૦
૩. અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા.બા.નાઠરાવક્રમાંકઃ કટક-૧૦૨૦૧૦-૧૧૧-ક-૧, તા. ૨૭-૦૯-૨૦૧૦
૪. અત્રેનો સરખા ક્રમાંકનો તા.૧૯-૧૦-૨૦૧૦નો પરિપત્ર

**પરિપત્ર : -**

રાજય સરકારશ્રીના ઉપરોકત વંચાણ ક્રમાંક (૨) પરના ઠરાવથી તદન નવા બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટે નમૂના નં. ૨ મુજબનું અરજીપત્રક નિયત કરવામાં આવેલ છે, અને આ નિયત અરજી ફોર્મ ભરવા માટેની વિસ્તૃત સૂચનાઓ પણ સદરહુ ઠરાવમાં આપવામાં આવેલ છે. જૂના હયાત રેશનકાર્ડ ધારકો કે જેમણે નિયત સમયમર્યાદામાં અરજી પત્રક નં. ૧ મુજબ નવા બારકોડેડ રેશનકાર્ડ મેળવવા અરજી કરેલ નથી તેમણે તેમજ જેમની પાસે કોઈપણ પ્રકારનું રેશનકાર્ડ નથી એવા નાગરીકોએ તદન નવું બારકોડેડ રેશનકાર્ડ મેળવવા અરજી પત્રક નં. ૨ મુજબ અરજી કરવાની રહે છે.

તદન નવા રેશનકાર્ડ અંગે મામલતદારશ્રી / ઝોનલ અધિકારીશ્રીએ કરવાની થતી કાર્યવાહી અંગે ઉપરોકત વંચાણ ક્રમાંક (૪) પરના પરિપત્રથી વિસ્તૃત સૂચનાઓ આપવામાં આવેલ છે, તેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. આ ઉપરાંત નીચે મુજબની સૂચનાઓ આ બાબતે ધ્યાને લેવાની રહેશે.

(૧) તમામ મામલતદાર / ઝોનલ કચેરીઓમાં ફોર્મ નં. ૨ પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ રાખવાના રહેશે.

(૨) અરજી પત્રક નં. ૨ ની એન.આઇ.સી. ધ્વારા પૂરા પાડવામાં આવેલ સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી, રેશનકાર્ડ ધારકના ફોટો તેમજ બાયોમેટ્રીસ માટે સ્થાનિક ડીસ્ટ્રીકટ ઈન્ફોમેર્ટીક ઓફીસર, એન.આઇ.સી. ધ્વારા તાલુકાના સબંધિત કર્મચારીઓ તેમજ કોમ્પ્યુટર ઓપરેટર્સને જરૂરી તાલિમ આપવાની રહેશે.

(૩) મામલતદાર / ઝોનલ કચેરીમાં મળતા તમામ અરજીપત્રક-૨ અંગે સામેલ પરિશિષ્ટ-અ મુજબનું રજીસ્ટર મેન્યુઅલ નિભાવવાનું રહેશે. આ અંગે કોમ્પ્યુટરાઈઝડ રજીસ્ટર તૈયાર થયેથી તેની જાણ કરવામાં આવશે.

(૪) અરજીઓનો સીટીઝન ચાર્ટરમાં નિયત કરેલ સમયમર્યાદામાં અચૂક નિકાલ કરવાનો રહેશે.

(૫) અરજીઓનો ત્વરિત નિકાલ માટે જીલ્લા / તાલુકાની ઈ-સેવા સોસાયટીના સંકલન ધ્વારા જરૂર જણાયે વધારાના કોમ્પ્યુટર ઓપરેટરની સેવાઓ આઉટસોર્સ ધ્વારા મેળવી શકાશે.

તદ્દન નવા બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટેની તાલુકા / ઝોનલ કચેરીઓમાં પેન્ડીંગ અરજીઓનો સત્વરે નિકાલ થાય અને કોઈપણ નાગરીક રેશનકાર્ડ ઉપલબ્ધ ન થવાના કારણે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ મળવાપાત્ર જથ્થાથી વંચિત ન રહેવા પામે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની રહેશે.

**બિડાણ : - પરિશિષ્ટ- અ**

**નિયામક**
અન્ન અને નાગરીક પુરવઠા
ગાંધીનગર.

પ્રતિ

૧. સર્વે કલેકટરશ્રીઓ
૨. અન્ન અને નાગરીક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ
૩. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી ( તમામ )

નકલ જાણ અર્થે : -

૧. માન.મંત્રીશ્રી, અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી
૨. માન.સંસદીય સચિવશ્રી, અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગના અંગત સચિવશ્રી
૩. સચિવશ્રી, અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના અંગત સચિવશ્રી
૪. અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના તમામ અધિક સચિવશ્રી, નાયબ સચિવશ્રી અને ઉપસચિવશ્રી

## પરિશિષ્ટ-અ

**તારીખ -**

| અ.નં. | અરજદારનું નામ | રહેઠાણનું સરનામું | કોમ્પ્યુટર જનરેટેડ અરજીપત્રક નંબર | સભ્ય સંખ્યા | અરજીપત્રક સ્થળ તપાસ માટે આપ્યા તારીખ | સ્થળ તપાસ થઈને અરજીપત્રક પરત મળ્યા તારીખ | મામલતદાર/ ઝોનલ અધિકારીશ્રીનો નિર્ણય મંજુર / નામંજૂર અને નિર્ણયની તારીખ | અરજીપત્રક મંજુર કરેલ હોય તો કાર્ડની કેટેગરી AAY/BPL/ APL-1/ APL-2 | કાર્ડ જોડી આપેલ વ્યાજબી ભાવની દુકાન | નાયબ મામલતદાર (પુરવઠા)ની સહી | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |